# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-09-2026** **EVENING: 7.10 TO 7.20**

**Day : TUESDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર રીટા દવે વાંચે છે.**

******************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ એકતા નગર ખાતે ઐતિહાસિક 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કર્યા.

2) “આર્ટિકલ 370”ને શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર–પીઢ અભિનેતા અનંત નાગને દાદાસાહેબ ફાળકે પુરસ્કાર એનાયત.

3) રાજ્યમાં છેલ્લા 20 દિવસમાં ટ્રાફિક નિયમ ભંગ માટે 18 હજારથી વધુ વાહનો સામે કેસ નોંધાયા.

4) અંબાજી ખાતે મહામેળામાં છેલ્લા બે દિવસમાં સાડા આઠ લાખ ભક્તોએ મા અંબાના ચરણોમાં શીશ ઝૂકાવ્યું.

5) દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદની આગાહી.

6) એશિયન ગેમ્સ, મહિલા ક્રિકેટમાં ભારતે સુવર્ણ ચંદ્રક જીત્યો.

----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PREZ AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે એકતા નગર ખાતે ઐતિહાસિક 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કર્યા. સમારોહ દરમિયાન 92 મહાનુભાવોને પુરસ્કારથી સન્માનિત કરાયાં. 1954માં શરૂ થયેલા આ પુરસ્કારો ભારતના સર્વોચ્ચ સિનેમેટિક સન્માનનું પ્રતિનિધિત્વ કરે છે. રાષ્ટ્રપતિએ વર્ષ 2024 માટે પીઢ અભિનેતા અનંત નાગને દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી નવાજ્યા. તો, ગુજરાતી ફિલ્મ મારણને શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મ તરીકે સન્માનિત કરવામાં આવી. ફિલ્મના દિગ્દર્શક અભિષેક જૈનને રજત કમળ એનાયત કરાયું. સમારોહને સંબોધતા સુશ્રી મુર્મુએ જણાવ્યુ વિવિધ ભાષાઓની ફિલ્મો ભારતની એકતા દર્શાવે છે.

(BYTE : DROUPADI MURMU, PRESIDENT)

આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ ઉપસ્થિત રહ્યા.

# AWARDS CAPSULE

**એકતા નગર ખાતે યોજાયેલા 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં અનેક ફિલ્મી હસ્તીઓને પુરસ્કારોથી નવાજી તેમના યોગદાનને બિરદાવવામાં આવ્યું. સાંભળીએ એક અહેવાલ.**

**(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી)**

(આ સમારોહમાં વર્ષ 2024 માટે ઉત્કૃષ્ટ સિનેમેટિક સિદ્ધિઓનું સન્માન કરાયું. મુખ્ય ફીચર ફિલ્મ શ્રેણીમાં, આર્ટિકલ 370 ને શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો પુરસ્કાર એનાયત કરાયો, જેમાં યામી ગૌતમને શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર મળ્યો. શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર મામૂટીને ભ્રમયુગમ અને કાર્તિક આર્યનને ચંદુ ચેમ્પિયન માટે એનાયત થયો. જ્યારે કલ્કી 2898 એડી ને શ્રેષ્ઠ લોકપ્રિય ફિલ્મ તરીકે સન્માનિત કરાઇ. રણદીપ હુડાને સ્વતંત્ર વીર સાવરકર માટે શ્રેષ્ઠ પદાર્પણ નિર્દેશકનો પુરસ્કાર એનાયત કરાયો. નોન-ફીચર શ્રેણીમાં, મરાઠી ફિલ્મ ભંગારને શ્રેષ્ઠ નોન-ફીચર ફિલ્મ, જ્યારે દિગ્દર્શક આનંદ એલ રાયને સ્ટેચ્યુ ઓફ યુનિટી - એકતા કા પ્રતીક માટે શ્રેષ્ઠ દિગ્દર્શન માટે સન્માનિત કરાયા. શ્રેષ્ઠ અભિનેતા તરીકે સન્માનિત થયેલા કાર્તિક આર્યને હર્ષની લાગણી અનુભવી.

[બાઇટ : કાર્તિક આર્યન, અભિનેતા]

આ પુરસ્કારો ફીચર, નોન-ફીચર અને સિનેમા પર લેખન જેવી વિવિધ શ્રેણીઓમાં કલાત્મક અને તકનીકી શ્રેષ્ઠતાનું સન્માન કરે છે. મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ)

# VAISHNAV BULLET TRAIN

અમદાવાદની મુલાકાત દરમિયાન, કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે બુલેટ ટ્રેનની કામગીરીની પ્રગતિ વિશે માહિતી આપી. તેમણે જણાવ્યું હતું કે પ્રોજેક્ટનું બાંધકામ ઝડપથી ચાલી રહ્યું છે. સુરત-વાપી વિભાગનું બાંધકામ આ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થવાની શક્યતા છે. જ્યારે એપ્રિલ-મે 2027 સુધીમાં બુલેટ ટ્રેન પાટા પર આવી જશે.

## (BYTE: ASHWINI VAISHNAV - RAILWAY MINISTER)

**(*बुलेट ट्रेन का काम बहुत अच्छा चल रहा है इस साल के दिसंबर तक जो पहला सेक्शन है सूरत से वापी उसका कंस्ट्रक्शन वर्क कंप्लीट हो जाएगा बोगी रेडी है कार बॉडी बनके रेडी है प्रपल्शन उसका बनके रेडी है व्हीकल इलेक्ट्रॉनिक्स का डिजाइन कंप्लीट हो चुका है व्हील्स का डिजाइन कंप्लीट हो चुका है स्टेशंस के साथ उसका जो इंटीग्रेशन होगा वो कंप्लीट हो चुका है और उसके आगे का काम भी बहुत तेजी से चल रहा है)***

# BHAVNAGAR SPIPA

કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ આજે ભાવનગર ખાતે સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા-સ્પીપાના પ્રાદેશિક તાલીમ કેન્દ્રનો પ્રારંભ કરાવ્યો. તેમણે જુનિયર ક્લાર્ક વર્ગ-3 કર્મચારીઓની પૂર્વ સેવા તાલીમના પ્રથમ વર્ગની પણ આજે શરૂઆત કરાવી.

આજે શરૂ થયેલા આ પ્રાદેશિક તાલીમ કેન્દ્રથી ભાવનગર ઉપરાંત બોટાદ, અમરેલી અને ગીર સોમનાથના યુવાનોને UPSC અને GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે માર્ગદર્શન મળશે.

# TRAFFIK FINE

રાજ્યમાં છેલ્લા 20 દિવસમાં નંબર વગરના અને ફેન્સી નંબર પ્લેટવાળા 18 હજારથી વધુ વાહનો સામે કેસ નોંધાયા છે અને ચાર હજારથી વધુ વાહનો જપ્ત કરાયા છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ ટ્રાફિક નિયમોના ભંગ બદલ કુલ 58 લાખ 56 હજાર રૂપિયાનો દંડ વસૂલાયો છે. નિયમભંગ કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી વધુ સઘન બનાવવા ગુજરાત પોલીસની આ ઝુંબેશ આગામી 14 ઓક્ટોબર સુધી ચાલશે. ત્યારે વાહનો પર સ્પષ્ટ અને નિયમાનુસાર નંબર પ્લેટ લગાવવા પોલીસે અપીલ કરી છે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# CYCLE YAATRA-PRAVIN MAALI-DISA

ડિસાથી પવિત્ર યાત્રાધામ અંબાજી તરફ જતો સમગ્ર માર્ગ સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત જળવાઈ રહે તે હેતુથી 'પ્લાસ્ટિક મુક્ત સાઇકલ યાત્રા'ને રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી પ્રવીણ માળીએ પ્રસ્થાન કરાવ્યું. ભાદરવી પૂનમના મહામેળામાં લાખો ભક્તો ઉમટી રહ્યા છે ત્યારે, શ્રદ્ધા થી સ્વચ્છતાના સંદેશ સાથે મંત્રીશ્રી સાથે 120 માઇભક્તો આ સાયકલયાત્રામાં જોડાયા.

આ પ્રસંગે મંત્રી શ્રીએ જણાવ્યું કે, આપણી ભક્તિ ત્યારે જ સાચા અર્થમાં સાર્થક બને જ્યારે તેમાં સ્વચ્છતા અને પ્રકૃતિ સંરક્ષણ પ્રત્યેની સામૂહિક જવાબદારી જોડાય.

**(BYTE – PRAVEEN MALI, STATE MINISTER FOR FORESTS AND ENVIRONMENT)**

*(માને આરાધના કરવા માટે, માને મળવા માટે અને સાથે સાથે સ્વચ્છતાનો સંદેશો લઈ અને ડીસાથી અંબાજી 100 કિલોમીટરની રાઈડ કરવા જે નીકળ્યા છે જે રસ્તામાં કેમ્પો આવી રહ્યા છે એ કેમ્પોને પણ ડિગ્રેડેબલ પ્લાસ્ટિક યુઝ કરે તે માટે પણ અવેર કરવાના છીએ અને તેમને ડિગ્રેડેબલ પ્લાસ્ટિક આપી અને લોકોમાં જાગૃતિ ફેલાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય સાથે આ સાયકલ યાત્રા આજે અહીંથી નીકળી રહી છે.)*

# NAAV DURGHATANA -BOTAD

બોટાદ જિલ્લાની ઘેલો નદીના રમા ઘાટ પર નાવ પલટી જવાની દુર્ઘટના સર્જાઇ હતી. જો કે તેમાં કોઈ જાનહાનિ થઈ નથી.

અમારા સંવાદદાતાના જણાવ્યા અનુસાર જળઝીલણી એકાદશીની ઉજવણી નિમિત્તે નદીમાં પૂજન વિધિ દરમિયાન સાધુ-સંતો તેમજ ભક્તો સહિત 6 વ્યક્તિ ભરેલી નાવ અચાનક નદીમાં પલટી જતાં સ્થળ પર હાજર પોલીસ તેમજ અન્ય ભક્તો દ્વારા બચાવ કામગીરી હાથ ધરાતા તમામનો આબાદ બચાવ થયો હતો.

# AMBAJI BHADARVI POONAM

મા અંબાના ધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળામાં ભક્તોની ભારે ભીડ જામી રહી છે. દૂર દૂરથી પદયાત્રીઓ પણ મેળામાં આવી રહ્યા છે. આ મહામેળાનો આજે ત્રીજો દિવસ છે. ત્યારે પ્રથમ દિવસે 4 લાખ 37 હજાર અને બીજા દિવસે 4 લાખથી વધુ એમ છેલ્લા બે દિવસમાં સાડા આઠ લાખ ભક્તોએ મા અંબાના ચરણોમાં શીશ ઝૂકાવ્યું છે. હજુ ભાદરવી પૂનમ સુધીમાં હજારો પદયાત્રીઓ અને ભક્તો પહોંચવાના છે. રાજકોટ, અમદાવાદ, મહેસાણા, દાહોદ, સુરત, ઉદયપુર સહિત અનેક વિસ્તારોમાંથી આવેલા સંઘો અંબાજી તરફ આગળ વધી રહ્યા છે.

# WEATHER FC

દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની શક્યતા છે. બીજી તરફ રાજ્યમાં સામાન્ય કરતા 7 ટકા ઓછો વરસાદ નોંધાયો હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે. દાસે જણાવ્યું.

# SEVA SANKALP ABHIYAN

રાજ્યભરમાં ચાલી રહેલા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ડાંગ જિલ્લાના પ્રખ્યાત પ્રવાસન સ્થળ ગીરાધોધ, વઘઇ ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલે નદી, તેમજ પરિસરના વિસ્તારની સફાઈ ઝુંબેશ હાથ ધરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો તેમજ ‘કેચ ધ રેઇન’ ઝુંબેશ હેઠળ પાણી બચાવવા માટે ઉપસ્થિત લોકોએ શપથ લીધા.

# CIVIL HOSPITAL AMDAVAD-255TH ANGDAAN

સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં આજે 255મું સફળ અંગદાન થયું છે. વિરમગામના બ્રેઇનડેડ શીતલબેન રાઠોડના પરિવારે તેમના ચાર અંગો સહીત બે આંખો અને ચામડીનું દાન કર્યું છે. મૃતકના પરિવારના આ માનવતાભર્યા નિર્ણયથી 7 દર્દીઓને નવજીવન  મળશે.

સિવિલ હોસ્પિટલ અમદાવાદના સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું કે અંગદાન અંગેની જાગૃતિને લીધે અમદાવાદ સિવિલ હોસ્પિટલ હવે મૃતકના અંગદાન થકી અનેક જરૂરિયાતમંદો માટે નવજીવનનું સરનામું બની છે.

# ASIAN GAMES-WOMEN'S CRICKET

જાપાનમાં રમાઈ રહેલી એશિયન ગેમ્સમાં, આજે ક્રિકેટની ફાઇનલમાં શ્રીલંકાને હરાવીને ભારતીય મહિલાઓએ સુવર્ણ ચંદ્રક જીત્યો. સ્મૃતિ મંધાનાના 79 રનની મદદથી ફાઇનલમાં ભારતે 3 વિકેટે 216 રનનો સ્કોર બનાવ્યો, જ્યારે દીપ્તિ શર્મા, શેફાલી વર્મા, શ્રેયંકા પાટિલ અને શ્રી ચારાનીએ નવ વિકેટો ઝડપીને ભારતને 147 રનની વિશાળ જીત અપાવી. આ વખતની સ્પર્ધામાં ભારતનો આ પ્રથમ સુવર્ણ ચંદ્રક છે અને એકંદરે સાતમો ચંદ્રક છે. એશિયન ગેમ્સની ગત આવૃત્તિમાં પણ ભારતે સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.